


# અમારા વિષે :

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે અને તેમની સામે આવતા માનસિક અને શારીરિક પડકારોને દુર કરવા તેમને તૈયાર કરે છે. અહી સંસ્થા સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ જેવા માધ્યમોથી વિવિધ પ્રવૃતિઓ કરે છે. એક બાળકથી શરૂઆત થયેલ આ સફરમાં આજે અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો અને સમુદાય સહભાગી બનેલ  છે.

**August 2025 | Issue No. 69 | A monthly newsletter**

## *પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સ્થાપના દિવસ નિમિતે શુભેચ્છા સંદેશ*

આજે, આપણે ફક્ત એક વિચારના જન્મની ઉજવણી જ નહીં, પરંતુ તેને વાસ્તવિક બનાવનારા અસંખ્ય હૃદય અને હાથની પણ ઉજવણી કરીએ છીએ.

અમારી વર્તમાન ટીમનો સમર્પણ, સર્જનાત્મકતા અને અથાગ ઉત્સાહ માટે આભાર. જે લોકો આ યાત્રાનો ભાગ રહ્યા છે પરંતુ હવે અમારી સાથે નથી, તેમના પગલા પ્રભાતની વાર્તામાં હંમેશા રહેશે. અમારા ટ્રસ્ટીઓ, મિત્રો, ભાગીદારો, દાતાઓ અને સમુદાયનો, તમારો વિશ્વાસ અને સમર્થન અમારા મિશનને જીવંત રાખે છે. માતાપિતાનો, અમારામાં તમારી હિંમત અને વિશ્વાસ બદલ આભાર. બાળકોનો, તમે હંમેશાથી અમારા મહાન શિક્ષકો અને પ્રેરણા રહ્યા છો અને રહેશો.

પ્રભાત માત્ર એક સંસ્થા નથી, તે એક પરિવાર છે, એક ગતિશીલ સ્વપ્ન છે, અને સમાવેશ, આશા અને આનંદ તરફ સાથે ચાલતા રહેવાનું વચન છે.

શ્રી કેશવ ચેટરજી – સંચાલક, પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન

## શૌર્યમની સફરની ઝલક : સમાવેશી અભિગમના પાઠ ભણાવતી



સમાવેશી અભિગમની પ્રણાલીમાં બાળકને ધ્યાનમાં રાખીને તેની સાથે કાર્ય કરવાની પદ્ધતિ અને વલણ નક્કી કરવા એ પ્રભાતની કાર્યશૈલી રહી છે. તેના આધારે જ બાળકના વિકાસના ગોલ અને આયોજન બને છે. શૌર્યમ સાથે પણ એવું જ કરવામાં આવ્યું. તેને ડાઉન સિન્ડ્રોમ છે અને તે બૌધિક અક્ષમતા ધરાવે છે. જયારે તેણે પ્રભાતના કાંકરિયા શાળા નંબર 4 ના રિસોર્સ રૂમમાં પ્રવેશ લીધો હતો ત્યારે તે ખુબ જ હાઇપર હતો અને તેને બોલવામાં મુશ્કેલી પડી રહી હતી.

જયારે પણ વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળક સાથે કાર્ય કરતા હોઈએ ત્યારે થેરાપીસ્ટ, સ્પેશયલ એજ્યુકેટર અને વાલી દરેકનું મહત્વ હોય છે. આ ત્રણેયના તાલમેલથી શૌર્યમ સાથે પણ કાર્ય કરવામાં આવ્યું.



સ્પીચ થેરાપી, સેન્સરી, બિહેવિયર મેનેજમેન્ટ, એકેડમિક કાર્ય અને વાલીનું પ્રશિક્ષણ એમ દરેક દિશામાં કાર્ય કરવામાં આવ્યું. જેના પરિણામે બે વર્ષના અંતે શૌર્યમની સ્પીચમાં સુધારો થયો છે , અન્ય બાળકો સાથે કાર્ય કરી શકે છે અને સુચનાનું પાલન કરી શકે છે. આ ઉપરાંત સ્વતંત્ર રીતે કાર્ય કરવાની સાથે બીજાને મદદ પણ કરે છે. તેનો મુખ્યધારાની શાળામાં પ્રવેશ થયો છે. હાલ તે બીજા ધોરણમાં અભ્યાસ કરે છે.

શૌર્યમની સફળતાની સફરમાં તેના પરિવારજનોએ પણ મહત્વનો ભાગ ભજવ્યો છે. એક વર્ષ સુધી એના મમ્મી રિસોર્સ રૂમ પર આવ્યા છે અને શૌર્યમ માટે કરવામાં આવતી પ્રવૃતિઓ તેમણે શીખી અને સમજી છે જેને પરિણામે ઘરે પણ તેની સાથે એ જ દિશામાં કાર્ય કરી શકાય.



ધીરજ, પ્રેમ અને યોગ્ય દિશાને લીધે શૌર્યમમાં હકારાત્મક બદલાવ આવ્યો જ છે. પણ સાથે પડકારો પણ આવ્યાં. જેમ કે, તેની સાથે કાર્ય કરવાથી લઈને શાળામાં પ્રવેશ કરાવવો, નવા વાતાવરણને અનુકૂલિત બનાવવું વગેરે. આ દરેક માટે પ્રભાતે ધીરજથી કાર્ય કર્યું.

પ્રભાત બાળકને કેન્દ્રમાં રાખીને દરેક અસર કરતા પરિબળો સાથે જાગૃતિ અને સંવેદનશીલતા માટે હસ્તક્ષેપ કરે છે. શૌર્યમ જેવા બાળકની પ્રગતિ જ પ્રભાતને સમાવેશી સમુદાય તરફની દિશામાં આગળ વધવાની ઉર્જા આપે છે.

**તૈયાર કરનાર : સેજલ આનંદ (સ્પેશયલ એજ્યુકેટર)**

## કાર્યક્રમની ઝલક

**નવા પ્રવેશ : મુખ્ય પ્રવાહની સફળતામાં વધુ એકનો ઉમેરો ! :** મન્સુરી ખદીજા મુસ્તકીમ ઉંમર- ૪ વર્ષ જેનું દાણીલીમડા ઉર્દૂ અનુપમ(સ્માર્ટ )પ્રાથમિક શાળા નં-૨ માં ધોરણ -૩ માં સરકારી શાળામાં એડમીશન આ ઓગસ્ટ મહિનામાં કરાવેલ છે.

---



**સમાવેશી આંગણવાડી :** સમાવેશી આંગણવાડીના કાર્યક્રમ અન્વયે બાળકો મુક્ત રમત સાથે દૈનિક જીવન શૈલીને સમજી શકે અને તેનો વાસ્તવિક અનુભવ કરી શકે તે ઉદેશ્યથી સેન્ટર પર જ વિવિધ થીમ પર કોર્નર બનાવવામાં આવ્યા છે. આ કોર્નરનો અનુભવ બાળક કઈ રીતે શીખી રહ્યું છે તેનું નિરીક્ષણ કરશે જેથી તેને વધારે અસરકારક રીતે આંગણવાડીમાં અમલ કરી શકાય. આ ઉપરાંત, આંગણવાડીમાં સમાવેશી અભિગમ ને ધ્યાનમાં રાખીને રચનાત્મક પ્રવૃતિઓ થઇ રહી છે.

**તહેવારોની મેરેથોન : ઉમંગ, ઉલ્લાસનો પર્યાય :** ઓગષ્ટ મહિનામાં તો તહેવારોની મેરેથોનમાં પ્રભાતના બાળકો અને સમગ્ર ટીમ ઉમંગ, ઉલ્લાસથી રીચાર્જ થઇ ગયા. તહેવારોની પૂર્વ તૈયારીથી લઈને ઉજવણી દરમ્યાન શિક્ષકોની સર્જનાત્મકતા અદ્ભુત રહી. દરેક પ્રક્રિયામાં બાળકને સમાવિષ્ટ કરવાની સાથે સાથે વાલીને પણ જોડવા એ પ્રભાત ટીમની તાકાત છે.



રક્ષાબંધનની ઉજવણીમાં થાળીની સજાવટથી લઈને એકબીજાને રાખડી બાંધવાની ક્ષણ બાળકને માટે વિશેષ રહી. જયારે શિક્ષકોને પણ રાખડી બાંધવાની ક્ષણ આવી ત્યારે ઉષ્માભર્યું વાતાવરણ વાતાવરણ બની ગયું.



ગણેશ ચતુર્થીની ઉજવણીમાં માટીથી ગણેશજીની મૂર્તિ બાળકોએ શિક્ષકોના સહયોગથી હોંશભેર બનાવી અને તેમની સજાવટમાં શ્રદ્ધા અને સમર્પણ રેડી દીધા. ગણેશજીને લોકો વિઘ્નહર્તા તરીકે માને છે ત્યારે પ્રભાતની સમાવેશી સમુદાયની આ સફરમાં આવનાર વિઘ્નો સામે પ્રભાત સમય પ્રમાણે વધુ મજબુત અને સક્ષમ બનીને સફરમાં આગળ વધતું રહે એ જ પ્રાર્થના કરીએ છીએ.



79માં સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીનો હરખ બાળક, વાલી અને પ્રભાત ટીમ દરેકમાં સમાતો ન હતો. આ દિવસે ગર્વની લાગણી દરેકના ચહેરા પર અનુભવી શકાતી હતી. સમાનતાના મુલ્ય સાથે દરેક બાળક/વ્યક્તિને તેની ક્ષમતા માટે ચોક્કસ અવસર પ્રાપ્ત થાય એ જ લક્ષ્યને ધ્યાનમાં રાખીને પ્રભાત કાર્ય થતું રહે તેવી પ્રતિબદ્ધતા દર્શાવે છે. વ્યાપક રીતે આ લક્ષ્ય ચોક્કસ એક સમાવેશી સમુદાય તરફ આગળ લઇ જશે.

જન્માષ્ટમીના તહેવારને ખુબ ધામધૂમથી ઉજવ્યો. સેન્ટરમાં બાળકને કૃષ્ણના શણગાર કરી કૃષ્ણ બનાવવામાં આવ્યા અને સાથે ભેગા થઇને મટકી ફોડ નો કાર્યક્રમ પણ થયો.

દરેક તહેવારોમાં બાળક સુંદર રીતે તૈયાર થઇને આવ્યા હતા. સ્વાદિષ્ટ ભોજન અને મીઠાઈ સાથે ઉજવણીને વધારે મજેદાર બનાવવામાં આવી.

## વોકેશનલ - સ્વાવલંબન તરફની દિશામાં

વોકેશનલ સેન્ટરને મજબુત કરવા માટે પ્રભાત દ્વારા વિવધ સ્તરે કાર્ય થઇ રહ્યું છે. જેમાં બાળકોના શિક્ષણથી લઈને ટ્રેડ અને તેના સાધનો, વાલી સાથે પરામર્શ જેવા મુદ્દાઓને પણ આવરી લેવાયા છે. ડો. કિલ્લોલ દ્વારા વોકેશનલ ગ્રુપના બાળકોને લઈને મૂંઝવતા પ્રશ્નો વિશે વાલી સાથે કાઉન્સિલિંગ કરવામાં આવ્યું તથા ડો. માલવ દ્વારા આગામી ત્રણ મહિનાના ગોલને સેટ કરવાની પ્રક્રિયા કરવામાં આવી જેના આધારે બાળકો સાથે આગળનું કાર્ય થઇ શકે.



વોકેશનલ યુનિટ માટે ફાઈલ બનાવવાનું મશીન શ્રી રોમન સુદ (નોર્કેવ્સટના ડાયરેક્ટર) દ્વારા આપવામાં આવીને બાળકોને સ્વાવલંબનની યાત્રાને વધુ મજબુત બનાવવા તરફ પ્રભાતને ટેકો મળ્યો છે. પ્રભાત તેમનો હૃદયપૂર્વક આભાર માને છે.

વોકેશનલના બાળકોને સમયાંતરે વ્યવહારિક જ્ઞાનના પાઠ ભણાવવામાં આવે છે. સુંદર ચોમાસાની ઋતુમાં બાળકો સાથે મેથીના બીજની અંકુરિત થવાની પ્રક્રિયાથી મેથીની ભાજી ઉગવા સુધીની પ્રક્રિયા કરવામાં આવી. કુંડાને તૈયાર કરવા, પાણીનું માપ નક્કી કરવું, છોડની સાચવણી કરવી અને તેનું નિયમિત નિરક્ષણ કરવું – આ સમગ્ર પ્રક્રિયા તેમને માટે રોમાંચક રહી સાથે આ જ મેથીની ભાજીને શાકમાં નાખી તેમણે ખાધી અને તેના ઉપયોગથી લઈને સ્વાદ સુધીનો અનુભવ તેઓ કરી શક્યા.



### સમાજ સુરક્ષા વિભાગ સાથે સંકલિત કાર્ય

સરકાર સાથે ભાગીદારીને મજબુત કરવા માટે વિવિધ રીતે કાર્યક્રમો/પ્રવૃત્તિ માં પ્રભાત સક્રિય રહે છે. જેના ભાગરૂપે દિવ્યાંગ વ્યક્તિઓની હયાતીના ફોર્મ માટે સમુદાયથી પ્રભાત ટીમ દ્વારા ટેકો કરવામાં આવ્યો. લોકોને મળીને તેમના દસ્તાવેજોને અપલોડ કરવામાં આવ્યા.

## નેટવર્કીંગ



ભાઈપુરા સેન્ટરમાં એન આઇ ડી સ્ટુડન્ટ હર્ષ અને ગૌરી દ્વારા સેન્ટરની વિઝિટ કરવામાં આવી. તથા બાળકોનું ઓબ્ઝર્વેશન કરવામાં આવ્યું.



ભાઇપુરા સેન્ટર પર હેત્વીબેન ( ડિઝાઇનર ) દ્વારા કોડિયાને કલર કરવાની અલગ અલગ રીત, ડિઝાઇન અને કલર કોમ્બિનેશન અંગે માહિતી આપવામાં આવી.



સ્વાતંત્ર્ય દિવસ નિમિતે aProch દ્વારા આયોજિત કાર્યક્રમમાં પ્રભાતના બાળકોએ ઉત્સાહભેર ભાગ ભજવ્યો હતો. પ્રભાત આ પ્રકારના અવસરોને હંમેશા તકની જેમ જુએ છે જેમાં બાળકો અને સમુદાય બંનેને એકબીજાની નજીક આવવાનો અવસર મળે છે.

**કોફી એટ રિવરસાઇડ** : પ્રભાતને ફરી એકવાર 'કોફી એટ રિવરસાઇડ' પહેલમાં ભાગ લેવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓ પ્રભાતના પ્રતિનિધિ સાથે સીધા જોડાણ દ્વારા અમારા કાર્યની ઊંડી સમજ મેળવી શકે છે. આ પ્રક્રિયા વિદ્યાર્થીઓ દ્વારા પ્રભાતના કાર્ય પર સંશોધન કરીને અને પોતાની સમજણ રચીને શરૂ થાય છે. મીટ-અપ દરમિયાન, તેઓ તેમની સમજ રજૂ કરે છે, પ્રશ્નો ઉભા કરે છે અને કાર્યના પડકારો અને વાસ્તવિકતાઓની ચર્ચા કરે છે. આ આદાન-પ્રદાન તેમના તો વધારે જ છે, પરંતુ તેમને સમાવેશ અને સમુદાય-નિર્માણના વ્યવહારુ પાસાઓની પ્રશંસા કરવામાં પણ મદદ કરે છે.





### અમદાવાદ યુનિવર્સિટીના વોલીયન્ટીઅર મેળામાં સહભાગી

અમદાવાદ યુનિવર્સિટીમાં વોલીયન્ટીઅર મેળાનું આયોજન થયું હતું. જેમાં હમેશની જેમ પ્રભાતના પ્રતિનિધિ દ્વારા સ્ટોલ મુકવામાં આવેલ. અહી વિદ્યાર્થીઓને પ્રભાત વિષે સરળ રીતે સમજ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. 100 જેટલા વિદ્યાર્થીઓએ પ્રભાત સાથે ઇન્ટર્નશીપ કરવામાં રસ દાખવ્યો હતો. જેટલા યુવા વર્ગ આ સફરમાં જોડાશે તેનું પરિણામ આપણને ભવિષ્યમાં મળશે. તેથી જ શિક્ષણ સંસ્થાનો સાથે પ્રભાત કાર્ય કરે છે.

### એસ એન્ડ પી ગ્લોબલ સાથે મજબુત જોડાણ તરફ....

એસ એન્ડ પી ગ્લોબલની સાથે જોડાણ દ્વારા વિવિધ સ્તરે સહયોગ પ્રાપ્ત થઇ રહ્યો છે. જે અન્વયે બાળકોના મનોરંજન અને રમતને ધ્યાનમાં રાખીને વિવિધ સાધનો આપવામાં આવ્યા. આ સાધનોને લીધે પ્રભાત સેન્ટર એક ગાર્ડનમાં ફેરવાઈ ગયું. આકર્ષક અને મનગમતી રાઇડ્સ ના સાધનોએ બાળકોમાં અનેરો ઉત્સાહ વધારી દીધો.



## 'વિશેષ' જન્મદિવસ 'સવિશેષ' બન્યો.

એ સાંજ પ્રભાત માટે વિશેષ હતી. પ્રથમ તો શ્રી અશોકજીના જન્મદિવસને ઉજવવાનો હરખ હતો. બીજું એ ઉજવણીમાં વિવધ ક્ષેત્રોના નિષ્ણાંતો અને મહાનુભવોની હાજરી હતી. પ્રભાતના કાર્યની ઝલક તેમના સુધી પહોચાડી શકવાનો અને અનુભવોનો નીચોડ રજુ કરવાનો લ્હાવો મળ્યો. એમની સાથેની ગોષ્ઠી નવી ઉર્જા અને આગળ વધવા માટે પ્રોત્સાહન આપી ગઈ. એન.આઈ.ડી. જેવા ડીઝાઇન સંસ્થાન,પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર, ઉત્થાન, અમદાવાદ યુનીવર્સીટીના પ્રતિનિધિ તો સામાજિક સંસ્થા ક્ષેત્રના દીર્ઘ દ્રષ્ટા ગગન શેઠી, બિનોય આચાર્ય તથા પ્રભાતના બોર્ડ મેમ્બર્સ શ્રી ગીત શેઠી અને શ્રી હાસ્યલતા બહેનની હાજરી એ કાર્યક્રમને મુલ્યવાન અને સમૃદ્ધ બનાવ્યો હતો. ( ઝલક જુઓ : https://youtu.be/M4JE8R1UDcA?feature=shared )

## ઘરોબો





- વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા વ્યક્તિ સ્વાવલંબી અને સન્માનભેર જીવન જીવી શકે તે માટે વ્હીલચેરના વિતરણનું કાર્યક્રમ કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ ડૉ. હસમુખભાઈ પટેલની ઉપસ્થિતિની સાથે વોર્ડના કાઉન્સિલર અને સ્થાનિક આગેવાનોએ હાજરી આપી હતી. 51 વ્હીલચેરનું વિતરણ કરવામાં આવ્યું.
- જેટલું વહેલું નિદાન અને સારવાર તેટલું જ પરિણામની સંભવાના વધુ હોય છે. આ જ બાબતને ધ્યાનમાં રાખીને અહીં ઇન્ટરવેન્શન પર વધારે ભાર મુકવામાં આવે છે. વાલીઓને પણ નાના બાળકોના વિકાસ અને તેને લઈને મુંઝવતા પ્રશ્નોને લઈને સમયાંતરે 'ગોષ્ઠી'નું આયોજન કરવામાં આવે છે. ડૉ. કિલ્લોલ દ્વારા પેરેન્ટ્સોમાં જોવા મળતી બાળકોના વિકાસ અંગે ચિંતા અને બાળકની ક્ષમતા કરતા વધું અપેક્ષા વિશે ચર્ચા કરવામાં આવી.
- સંયુક્ત રીતે વાલીઓએ ભાઈપુરા સેન્ટરમાં સ્પીચ થેરાપી માટે વાઈબ્રેટિંગ બ્રશની ભેંટ આપી. પ્રભાતને એ બાબતની ખુશી છે કે વાલીઓને માત્ર પોતાના બાળક માટે નહિ પણ દરેક બાળક માટે પોતે કશુક કરે એવું વિચારીને અમલમાં પણ મૂકી રહ્યા છે. વાલી સમાવેશી સમુદાયની સફરના એક મહત્વના હિતધારક છે અને પ્રભાત તેમની સાથે મજબુત રીતે કાર્ય કરે છે.

## ગૌરવની ક્ષણ



ડિઝાઈન ક્ષેત્રે વિશેષ યોગદાન માટે સન્માનિત કરાશે

**પ્રો.અશોક ચેટર્જીને એવોર્ડ**

**'બાલકૃષ્ણ દોશી: ગુરુ રત્ન એવોર્ડ'**

ANNOUNCEMENT

અમદાવાદઃ 'આજે પ્રિત્ઝકર પુરસ્કાર મેળવનાર પ્રથમ ભારતીય આર્કિટેક્ટ એવાં સ્વ. બાલકૃષ્ણ દોશીની 98મી જન્મ જયંતિ છે ત્યારે, ત્રીજા ગુરુરત્ન એવોર્ડની જાહેરાત કરાઈ છે. દેશમાં ડિઝાઈન, હસ્તકલા અને શિક્ષણમાં અસાધારણ, આજીવન યોગદાન બદલ પ્રો.અશોક ચેટર્જીને 'બાલકૃષ્ણ દોશીઃ ગુરુ રત્ન એવોર્ડ 2025' એનાયત થશે. ડિઝાઈન વિચારસરણી, સામાજિક રીતે પ્રતિભાવશીલ નવીનતાના પ્રણેતા પ્રો.ચેટર્જીએ ભારતના ડિઝાઈન શિક્ષણશાસ્ત્રને આકાર આપવામાં અને ડિઝાઈનને સહાનુભૂતિ, નીતિશાસ્ત્રમાં મૂળ ધરાવતી શિસ્ત તરીકે આગળ વધારવામાં ભૂમિકા ભજવી છે. 5 દાયકાથી વધુ સમય સુધી, તેમના કાર્યએ કોર્પોરેટ, સરકારી, શૈક્ષણિક, વિકાસ ક્ષેત્રને સેતુ બનાવ્યા છે. તેમણે ડિઝાઈન સમાજ સાથેની ક્રિયાપ્રતિક્રિયા વ્યાખ્યાયિત કરી છે.

**નિલકંઠ છાયા-જ્યોતિ ભટ્ટની મળ્યો છે આ પુરસ્કાર**

છેલ્લા 2 વર્ષથી ગુરુ રત્ન પુરસ્કાર એવા શિક્ષકને એનાયત કરાય છે, જેમનું જીવન અને કાર્ય પૂછ પરછ, નિખાલસતા અને સ્વ-શોધની સંસ્કૃતિને પ્રેરણા આપે છે. તેમ કહેતાં, વાસ્તુશિલ્પ ફાઉન્ડેશનના ડિરેક્ટર ખુશ્રુ પંથકી હૂકે કહ્યું કે, 'આ પુરસ્કાર ભારતીય ઉપખંડમાં કલા, ડિઝાઈન અને સ્થાપત્યના ક્ષેત્રમાં અનુકરણીય વ્યક્તિને ઓળખવાનો પ્રયાસ કરે છે. ગુરુ રત્ન પુરસ્કાર સૌપ્રથમ 2023માં પ્રો. નીલકંઠ છાયાને મળ્યો હતો ત્યાર પછી, 2024માં આ પુરસ્કાર પ્રો. જ્યોતિ ભટ્ટને એનાયત કરવામાં આવ્યો હતો.

ડીઝાઇન ક્ષેત્રે વિશેષ યોગદાન બદલ શ્રી અશોક જી ચેટર્જીને "બાલકૃષ્ણ દોશી": ગુરુ રત્ન એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. આ બદલ પ્રભાત ટીમ તરફથી ખુબ શુભેચ્છા અને પ્રભાત ગર્વની લાગણી અનુભવે છે. સમાવેશી અને સમાનતાના મુલ્ય સાથે ડીઝાઇન ક્ષેત્રને તેમણે એક દિશા આપી છે જે વર્તમાન અને આવનારી પેઢી દરેક માટે પ્રેરણાદાયી બનશે.

## સહાયક સેવાઓ

- મેડીકલ સર્ટીફીકેટ 02 , રેલ્વે પાસ માટેના ફોર્મ -03, સ્ટેટ ટ્રાન્સપોર્ટ માટેના ઓનલાઈન પાસના ફોર્મ -04, ભરવામાં આવ્યા.
- ભગવાન વિકલાંગ સહાયતા સમિતિના સહયોગ થી 75 વ્હીલચેરનું વિતરણ કરવામાં આવ્યું.
- સરકારી સાધન સહાય યોજના અન્વયે 53 ફોર્મ ઓનલાઈન ભરવામાં આવ્યા.

**Prabhat Education Foundation**
325, Iscon Emporio,
Satellite, Ahmedabad,
Gujarat 380015

**Phone:** +91-79-4890-305
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org

PRABHAT EDUCATION FOUNDATION
AN ALTERNATIVE FOR THOSE WITH SPECIAL NEEDS